Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अतलादिसप्तकम्**–अतलं वितलं सुतलं तलातलं किल रसातलं चैव । पातालसप्तकमिदं महातलं चापि पातालम् ॥१॥ અતલ વગેરે સાત ભેદ પાતાલના છે. (૧) અતલ, (૨) વિતલ, (૩) સુતલ, (૪) તલાતલ, (૫) રસાતલ, (૬) મહાતલ અને (૭) પાતાલ.

**अतिदेशः**–स्वविषयमुल्लङ्घ्यान्यविषये उपदेशः ।—પોતાના વિષયનું અતિક્રમણ કરીને બીજા વિષયનો ઉપદેશ.

**अतिप्रसङ्गः**–यस्य बोधो यत्रभिमतस्तदन्यस्यापि बोधप्रसङ्गः ।—જે સ્થળે જેનો બોધ થવો જોઈએ એમ માનેલું છે, તે સ્થળે તેનાથી અન્યનો પણ બોધ થવાનો પ્રસંગ આવે તે અતિપ્રસંગ કહેવાય.

**अतिवाद**–નિરર્થક અતિશય લવારો કરવો તે.

**अतिव्याप्ति**–लक्ष्यवृत्तित्वेसत्यलक्षवृत्तित्वमतिव्याप्तिः ।—જે લક્ષણ પોતાના લક્ષ્ય પદાર્થમાં વર્તે છે અને તે સાથે અલક્ષ્ય પદાર્થમાં પણ વર્તે છે તે અતિ–વ્યાપ્તિ. જેમ કોઇ માણસે ગાયનું લક્ષણ એવું કહ્યું કે "શીંગડાંવાલી હોય તે ગાય" ગાયને શીંગડાં હોય છે માટે શીંગડાંવાળી હોવાપણું (શૃંગિત્વ) લક્ષણ ગાયમાં તો છે, પણ જે ગાય નથી એવી અલક્ષ્ય જે ભેંશ તેમાં પણ તે લક્ષણ લાગુ પડી જાય છે, માટે એ લક્ષણ અતિ-વ્યાપ્તિ દોષવાળું કહેવાય છે.

**अतिव्याप्त्यादिदोषत्रयम्**— લક્ષણમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અને અસંભવ એવા ત્રણ દોષ ન હોવા જોઇએ. ( એ અતિ-વ્યાપ્તિ આદિ દોષોનાં લક્ષણ તે તે શબ્દોમાં જોવાં. )

**अतिशयतापः**–પોતાનાથી અતિશય વૈભવવાળા દેવતાઓને જોઇને જે સ્વર્ગમાં ગયેલાને પરિતાપ થાય છે. તેને 'અતિશય-તાપ' કહે છે.

**अतीतत्वम्**— वर्तमानध्वंसप्रतियोगित्वमतीतत्वम् ।—હદાનીં કાલ વિષે વર્તમાન જે ધ્વંસ છે, તે ધ્વંસનું જે પ્રતિયોગીપણું તેનું નામ અતીતત્વ. જેમ–આ કાળમાં ( વર્તમાન કાળમાં ) ઘટનો જે ધ્વંસ ( નાશ ), એ ધ્વંસનો પ્રતિયોગી જે નાશ થનારો ઘટ, તેને વિષે અતીતત્વ રહેલું છે. અર્થાત્ તે ઘટ ભૂતકાળમાં હતો, એમ કહેવાય છે.

**अतीन्द्रियम्**–લૌકિક ઇંદ્રિયોવડે જેનો સાક્ષાત્કાર થતો નથી એવું.

**अत्यंतनिवृत्तिः**–कारणसहितकार्यनिवृत्तिः । કારણ સહિત કાર્યની નિવૃત્તિ તે. જેમ જગતની અત્યંતનિવૃત્તિ એટલે જગત્ અને તેનું કારણ જે અવિદ્યા, એ બન્નેની નિવૃત્તિ.

**अत्यन्ताभाव**–नित्यः संसर्गाभावोऽत्यन्ताभावः ।—જે અભાવ નિત્ય હોય છે એટલે ઉત્પત્તિ વિનાશથી રહિત હોય છે, તથા સંસર્ગાભાવરૂપ હોય છે એટલે અન્યોન્યાભાવથી ભિન્ન અભાવરૂપ હોય છે, તે અભાવ અત્યંતાભાવ કહેવાય છે. અર્થાત્ જે વસ્તુ જે અધિકરણમાં કોઈ વખત પણ રહેતી નથી, તે વસ્તુનો સંબંધ કરીને તે અધિકરણમાં અત્યંતાભાવ રહે છે. જેમ વાયુ, આકાશ, વગેરેમાં રૂપ ગુણ કોઇ વખત પણ સમવાય સંબંધે કરીને રહેતો નથી, માટે વાયુ અને આકાશાદિકમાં રૂપ ગુણનો અત્યંતાભાવ રહે છે. એજ પ્રમાણે પૃથ્વીમાત્રમાં રહેનારા ગંધ ગુણનો પૃથ્વી સિવાય જલાદિક સર્વ પદાર્થોમાં અત્યંતાભાવ રહે છે; આકાશમાત્રવૃત્તિ શબ્દ ગુણનો આકાશ સિવાય સર્વત્ર અત્યંતાભાવ રહે છે; આત્મમાત્રવૃત્તિ જ્ઞાનાદિ ગુણોનો આત્મા સિવાય સર્વત્ર અત્યંતાભાવ રહે છે; મૂતદ્રવ્યમાત્રવૃત્તિ કર્મનો મૂર્ત દ્રવ્યને છોડીને સર્વત્ર અત્યંતાભાવ રહે છે; અને ભૂતલાદિકમાં ઘટાદિક કદાચિત્ સંયોગ સંબંધથી રહે છે માટે તે સંયોગ સંબંધે કરીને તે ઘટાદિકનો ભૂતલાદિકમાં અત્યંતાભાવ હોતો નથી પણ સામયિકાભાવ હોય છે. એ

For Private And Personal Use Only